# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-06-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહે માદક પદાર્થ સામે સંયુક્ત લડતનું આહ્વાન કર્યું.
2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ઓપરેશન એમિસ્ટાડની જાહેરાત કરી.
3) આરોગ્ય મંત્રાલયે ઔષધ નિયમો 1945 માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો.
4) DRI એ મુંબઈ , બેંગલુરુ અને વિશાખાપટ્ટનમમાં કાર્યરત સંગઠિત સોનાની દાણચોરીનો પર્દાફાશ કર્યો.
5) બેડમિન્ટનમાં ભારતના રૌનક ચૌહાણ યુએસ ઓપન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા .

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR REV. SHAH- NCORD MEETING

ગૃહમંત્રી અમિત શાહે આજે ડ્રગ્સ સામે સંયુક્ત યુદ્ધનું આહ્વાન કરતા કહ્યું કે ડ્રગ્સનું દૂષણ રાષ્ટ્રીય સુરક્ષા , સામાજિક સ્થિરતા, આર્થિક હિતો અને યુવાનો અને દેશના ભવિષ્ય માટે જોખમી છે. તેમણે આધ્યાત્મિક નેતાઓ , યુવાનો અને માતાઓને આ અભિયાનમાં ભાગ લેવા અપીલ કરી હતી. શ્રી શાહે નવી દિલ્હીમાં નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટર ( NCORD) ની દસમી ઉચ્ચ-સ્તરીય બેઠકને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

(બાઇટ: અમિત શાહ – ડ્રગ્સ)

ગૃહમંત્રીએ કહ્યું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ડ્રગ્સ સંબંધિત ગુનાઓની માહિતી સમયસર શેર કરવા માટે ઘણા ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યા છે. તેમણે તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને નિર્ધારિત સમયમર્યાદામાં આ પોર્ટલ પર ડ્રગ સંબંધિત કેસોની માહિતી અપલોડ કરવા જણાવ્યું.

(બાઇટ - અમિત શાહ - એક્શન પ્લાન)

# PM-VERMA ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે , ડ્રગ ફ્રી ઈન્ડિયા ઝુંબેશ જન ભાગીદારીથી ચાલતી એક જન આંદોલન બની ગઈ છે. શ્રી મોદીએ સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી બી.એલ. વર્મા દ્વારા ડ્રગ ફ્રી ભારત બનાવવાના મહત્વ પર લખાયેલ લેખ શેર કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. સોશિયલ મીડિયા સંદેશમાં , પ્રધાનમંત્રીએ દરેક નાગરિકને ડ્રગ ફ્રી અને વિકસિત ભારત બનાવવાના અભિયાનમાં જોડાવા હાકલ કરી હતી.

# OPERATION-AMISTAD

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ઓપરેશન એમિસ્ટાડની જાહેરાત કરી. આ પહેલ હેઠળ, ભૂકંપ પછી રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે ભારતીય વાયુસેનાના બે C-17 વિમાન વેનેઝુએલા જવા રવાના થયા છે. એમિસ્ટાડનો અર્થ સ્પેનિશમાં મિત્રતા થાય છે.

ડૉ.જયશંકરે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે , આ કામગીરીમાં ભારતીય સેનાનું ફિલ્ડ હોસ્પિટલ યુનિટ અને 35 ટનથી વધુ રાહત પુરવઠો, દવાઓ અને તબીબી સાધનોનો સમાવેશ થાય છે, જેમાં બે ભીષ્મ ક્યુબનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે , ભારત આ મુશ્કેલ સમયમાં વેનેઝુએલાની સરકાર અને લોકોને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે.

# JAISHANKAR-EU JOURNALISTS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં વિવિધ યુરોપિયન દેશોના પત્રકારોના જૂથ સાથે વાતચીત કરી. મંત્રીએ તેમની સાથે ભારતમાં થઈ રહેલા ગહન પરિવર્તનો , વિશ્વની વર્તમાન પરિવર્તનશીલ સ્થિતિ અને ભારત અને યુરોપ વચ્ચે વધતા જતા જોડાણો વિશે વાત કરી.

ડૉ. જયશંકરે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે , ભારતમાં તેમના કાર્યક્રમો અને પ્રવાસો ભારત અને ભારત-યુરોપ ભાગીદારીની સંભાવના વિશે ઊંડી સમજણને પ્રોત્સાહન આપશે.

# HEALTH MINISTRY - DRUG IMPORT

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે પરીક્ષણ , તપાસ અથવા વિશ્લેષણ માટે દવાઓની આયાત કરવાની પરવાનગી મેળવવા માટેની પ્રક્રિયાને સરળ બનાવવા માટે ડ્રગ્સ રૂલ્સ , 1945 માં સુધારાનો પ્રસ્તાવ મૂક્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , વિશ્લેષણ અને બિન-ક્લિનિકલ પરીક્ષણ હેતુઓ માટે ઓછી માત્રામાં બધી દવાઓની આયાત કરવા માટેની પરવાનગી પ્રક્રિયામાં સુધારાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સુધારેલી જોગવાઈઓ અનુસાર અરજદારોને દવાઓની આયાત કરવા માટે પૂર્વ પરવાનગીની જરૂર પડશે, જેના પછી દવા આયાત કરી શકાય છે.

# GOVT- JAN VISHWAS HEALTH

કેન્દ્રએ આરોગ્ય ક્ષેત્રમાં જન વિશ્વાસ અધિનિયમ સુધારાઓ લાગુ કર્યા છે , જેમાં ડ્રગ્સ અને કોસ્મેટિક્સ અધિનિયમ 1940 અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ અધિનિયમ 2006 હેઠળ નાના ગુનાઓને તર્ક સંગત બનાવવામાં આવ્યા છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સુધારાઓનો હેતુ જાહેર આરોગ્ય અને ગ્રાહક સલામતી માટે કડક સલામતી જાળવી રાખીને વ્યવસાય કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# DRI-GOLD SYNDICATE

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ ( DRI) એ મુંબઈ , બેંગલુરુ અને વિશાખાપટ્ટનમમાં કાર્યરત સંગઠિત સોનાની દાણચોરીના રિંગનો પર્દાફાશ કર્યો છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે , DRI એ અનેક સ્થળોએ હાથ ધરાયેલા ઓપરેશન દરમિયાન 23 કરોડ રૂપિયાની કિંમતનું 15 કિલોગ્રામ વિદેશી સોનું જપ્ત કર્યું છે.

આ ઓપરેશનમાં પંદર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ સંગઠિત સોનાની દાણચોરીના રિંગ સાથે જોડાયેલો છે. અન્ય એક ઓપરેશનમાં, DRI એ સુરતમાં 2 કિલોગ્રામ કોકેન જપ્ત કર્યું અને એક વ્યક્તિની ધરપકડ કરી. આરોપી પર નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ , 1985 ની કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે.

ગયા મહિનાથી, ડિરેક્ટોરેટે કુલ 26 કિલોગ્રામ કોકેન જપ્ત કર્યું છે અને 14 વિદેશી નાગરિકો સહિત 22 લોકોની ધરપકડ કરી છે.

# SHEKHAWAT- AI INNOVATION

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે જણાવ્યું હતું કે, કૃત્રિમ બુદ્ધિ નવીનતા , પારદર્શિતા અને કાર્યક્ષમતાનો નવો પાયો બની રહી છે. નવી દિલ્હીમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત AI ઇનોવેશન સમિટને સંબોધતા મંત્રીએ કહ્યું કે , વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં આધુનિક ટેકનોલોજી અને નવીનતા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમણે વિકાસ , નવીનતા અને પરિવર્તનશીલ પરિવર્તનને આગળ ધપાવવામાં કૃત્રિમ બુદ્ધિ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્સી વ્યવસાયની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. મીડિયા સાથે વાત કરતા શ્રી સિંહે જણાવ્યું હતું કે , કૃત્રિમ બુદ્ધિ વિશ્વભરના દરેક ક્ષેત્રમાં પરિવર્તન લાવવા અને વ્યક્તિઓના જીવનને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરવા માટે તૈયાર છે.

# KOLKATA-BUILDING COLLAPSE

કોલકાતાના તારાતલા અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 15 થયો છે. ઘાયલોને કોલકાતાની SSKM હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. પોલીસે આ ઘટનાના સંદર્ભમાં એક સરકારી અધિકારી સહિત છ લોકોની ધરપકડ કરી છે. રાજ્ય સરકારે ગઈકાલે ઘટનાની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી હતી. બચાવ કામગીરી ચાલુ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મૃતકોના પરિવારજનોને 2 લાખ રૂપિયા અને ઘાયલોને 50,000 રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ મૃતકોના પરિવારજનોને 10 લાખ રૂપિયા અને ઘાયલોને 1 લાખ રૂપિયા વળતરની જાહેરાત કરી છે.

# GOYAL AWARD

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલને લંડનમાં વાર્ષિક યુકે-ભારત એવોર્ડ્સ 2026 માં યુકે-ભારત સંબંધોને મજબૂત બનાવવા માટે અપવાદરૂપ નેતૃત્વ માટે વિશેષ પુરસ્કાર મળ્યો છે.

સોશિયલ મીડિયા પર માહિતી શેર કરતા શ્રી ગોયલે કહ્યું કે , આ સન્માન સરકારો, વ્યવસાયો, શિક્ષણ, સંસ્કૃતિ માં સેતુ બનાવનારા ઘણા લોકોનું છે જેઓ ભારત-યુકે સંબંધોને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે.

# IRCTC TOURISM

ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન ( IRCTC) એ ભારત ગૌરવ ડિલક્સ ટુરિસ્ટ ટ્રેનનો ઉપયોગ કરીને એક નવું ટુરિસ્ટ સર્કિટ , ડિવાઈન ઈસ્ટ ટેમ્પલ ટુર શરૂ કર્યું છે. આ 11 દિવસની ટ્રેન યાત્રા દરમિયાન, યાત્રાળુઓ અને પ્રવાસીઓને ઉત્તર પ્રદેશ , ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ઝારખંડના મુખ્ય યાત્રાધામોની મુલાકાત લેવાની તક મળશે.

આ યાત્રા દિલ્હીના સફદરજંગ રેલ્વે સ્ટેશનથી ઉપડશે અને વારાણસી , પુરી, કોણાર્ક, ચિલિકા, ભુવનેશ્વર, કોલકાતા, ગંગાસાગર અને વૈદ્યનાથ ધામની યાત્રા કરશે.

# US OPEN BADMINTON

બેડમિન્ટનમાં, ભારતના રૌનક ચૌહાણ આજે ફુલર્ટનમાં યુએસ ઓપન ટુર્નામેન્ટ માં વિશ્વના 6 ઠ્ઠા અને પુરુષોના સિંગલ્સના ટોચના ક્રમાંકિત ચાઇનીઝ તાઇપેઈના ચૌ ટિએન ચેનને સીધી રમતોમાં 21-17, 26-24 થી હરાવીને ક્વાર્ટર સુધી પહોંચ્યા .

અન્ય એક પુરુષ સિંગલ્સમાં કિદામ્બી શ્રીકાંતે મલેશિયાના લી ઝી જિયાને 21-14, 21-13થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. મહિલા સિંગલ્સમાં તન્વી શર્મા , રક્ષિતા શ્રી અને દેવિકા સિહાગ પણ છેલ્લા આઠ તબક્કામાં પહોંચી ગયા.

# SHOOTING-JUNIOR WORLD CHAMPIONSHIP

જર્મનીમાં ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય શૂટર્સે સાત સુવર્ણ સાથે મેડલ ટેલીમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું , પિસ્તોલ અને રાઇફલ ઇવેન્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા ભારતે 24 ચંદ્રકો - સાત સુવર્ણ , આઠ રજત અને નવ કાંસ્ય સાથે ટોચનું સ્થાન મેળવ્યું હતું.

# REV DHARMENDRA PRADHAN-BHUTAN

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે ભૂટાનના શિક્ષણ મંત્રી યીઝાંગ દે થાપાને મળ્યા હતા. શ્રી પ્રધાને સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે, ચર્ચા શિક્ષકોની તાલીમ, કૌશલ્ય અને રોજગારક્ષમતા, ડિજિટલ શિક્ષણ અને AI, ટકાઉ પર્યટન, પરંપરાગત દવા અને સર્વાંગી સુખાકારી પર કેન્દ્રિત હતી.

મંત્રીએ કહ્યું કે , બંને દેશો માટે શિક્ષણ , નવીનતા અને ક્ષમતા નિર્માણના મોટા પ્લેટફોર્મ પર સહયોગ કરવાની અપાર સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે , ભારત-ભૂટાન ભાગીદારી ભવિષ્ય માટેની સહિયારી આકાંક્ષાઓ અને આધ્યાત્મિક બંધનોમાં વણાયેલી છે. તેમણે શિક્ષણ , કૌશલ્ય અને જ્ઞાન ભાગીદારીમાં ભારત-ભૂટાન સહયોગ પર ભાર મૂક્યો.

# JITENDRA SINGH-MEDIA CONCLAVE

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે , આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ( AI), પરમાણુ, અવકાશ અને ક્વોન્ટમ ટેકનોલોજી ભવિષ્યના વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાને આકાર આપશે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે , ભારત અત્યાધુનિક ટેકનોલોજીમાં ઝડપથી અગ્રણી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે.

રાષ્ટ્રીય ક્વોન્ટમ મિશનનો ઉલ્લેખ કરતા શ્રી સિંહે જણાવ્યું હતું કે , મિશન તેના આરંભના ત્રણ વર્ષમાં તેના અડધાથી વધુ ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી ચૂક્યું છે. તેમણે જણાવ્યું હતું કે, મિશનની ગતિ ભારતની વધતી જતી વૈજ્ઞાનિક ક્ષમતાઓ અને ઉભરતી ટેકનોલોજીમાં વૈશ્વિક નેતા બનવાની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.